Extra No. 204

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, JULY 29, 2026 / SRAVANA 07, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/ક/૧/વશી/૩૩૮/૨૦૨૬ તા.૦૨/૦૬/૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/અભિપ્રાય/૨૨૦૨/૨૦૨૬ તા.૦૪/૦૬/૨૦૨૬

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં.એમએજી/વશી/૫૦૬/૨૦૨૬ તા.૦૫/૦૬/૨૦૨૬

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/ક/૧/વશી/૬૭૪થી૬૭૫/૨૦૨૬ તા.૨૮/૦૭/૨૦૨૬

(૫) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૨૧૭૩ થી ૨૧૮૩/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના -ની.૦૨/૦૬/૨૦૨૬ ના પત્રથી જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે જુનું સ્લેબડ્રેઈન આવેલ હતું જે જર્જરીત હોઈ તેના સ્થાને નવીન બોક્ષ કલવર્ટની કામગીરી એગ્રીમેન્ટ નં.બીડ/૧૮૯ ઓફ ૨૦૨૫-૨૬ થી ઈજારદારશ્રી સંજય કન્સ્ટ્રકશન, જિ. જુનાગઢ ને કામગીરી સોંપવામાં આવેલ હતી.જે કામ શરૂ કરવાની તા.૧૭/૦૩/૨૦૨૬ તથા પુર્ણ કરવાની તા.૧૬/૦૭/૨૦૨૬ છે. જે અન્વયે ઈજારદારશ્રી ધ્વારા ડાયવર્ઝનની કામગીરી કરી જુના સ્ટ્રકચરને તોડવાની કામગીરી કરેલ હતી. ત્યારબાદ ઈજારદારશ્રી ધ્વારા બોક્ષ કલવર્ટના રાફટની કામગીરી હાલ પ્રગતિમાં છે. તા.૩૦/૦૫/૨૦૨૬ તથા તા.૦૧/૦૬/૨૦૨૬ના રોજ થયેલ ભારે વરસાદને કારણે કરેલ કામચલાઉ ડાયવર્ઝનની કામગીરી વારંવાર ધોવાઈ ગયેલ છે. વધુમાં જણાવવાનું કે સદર ડાયવર્ઝનની ડાબી બાજુ ૮.૪૦ મી પહોળાઈની બોક્ષ કલ્વર્ટની કામગીરી પ્રગતિમાં છે તથા જમણી બાજુ ડાયવર્ઝનને અડીને વર્ષો જુનો કુવો આવેલ છે. તેમજ વરસાદી પાણીની આવક ખુબજ વધુ પ્રમાણમાં ડાયવર્ઝન ની ઉપરથી પસાર થતુ હોઈ જાનહાની થવાની સંપુર્ણ સંભાવના રહેલ હોઈ, જાહેર જનતાની સલામતીના ભાગ રૂપે વાહનોની સંપુર્ણ અવર જવર બંધ કરવા માટેનું જાહેનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ હતી.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા તથા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાએ વંચાણે લીધેલ અ.નં.(૨) તથા વંચાણે લીધેલ અ.નં.(૩) વાળા પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉપરોકત વિગતે અત્રેની કચેરીના તા.૦૫/૦૬/૨૦૨૬ના હુકમ નં.એમએજી/જાહેરનામું/વશી/૧૬૫૭થી ૧૬૬૭/૨૦૨૬થી સદર બાબતે માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ

કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ કલ્વર્ટની કામગીરી માટે તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધી વાહનોની અવરજવર તમામ વાહનો માટે બંધ કરવા અને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે ત્યાર બાદ સદર જાહેરનામું તા.૧૫/૦૭/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ હતો.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૪) ના તા.૨૮/૦૭/૨૦૨૬ ના પત્રથી ઉકત બોક્ષ કલવર્ટ અને રીટેનીંગ વોલની કામગીરી પુર્ણ થયેલ છે પરંતુ એપ્રોચ રોડની કામગીરી કરી તેનો ક્યોરિંગ સમયગાળો પુર્ણ થતાં હજુ ૧૫ દિન જેટલો સમય લાગે તેમ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે હાલની સ્થળસ્થિતિને ધ્યાને લેતા ડાયવર્ઝનની કામગીરી કરવી શક્ય ન હોઈ ઉક્ત જાહેરનામાની સમયમર્યાદામાં ૧૫ દિવસ (તા.૨૯/૦૭/૨૦૨૬ થી તા.૧૨/૦૮/૨૦૨૬ સુધી) જેટલો વધારો કરી આપવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તથા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ કલવર્ટની કામગીરી, એપ્રોચ રોડની કામગીરી તથા તેના ક્યોરિંગની કામગીરી ચાલુ હોઈ વાહનોની અવરજવર બંધ કરવા તથા અવરજવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ તા. ૨૯/૦૭/૨૦૨૬ થી તા. ૦૮/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ કલ્વર્ટની કામગીરી, એપ્રોચ રોડની કામગીરી તથા તેના ક્યોરિંગની કામગીરી માટે તા.૦૮/૦૮/૨૦૨૬ સુધી વાહનોની અવરજવર તમામ વાહનો માટે બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(1) પ્રગતિનગર, લકુલીશ સોસાયટી, વૃતાલય તેમજ આસારામ આશ્રમની આસપાસના રહીશો એ કનેલાવ તળાવ થઈ શામળાજી કોલેજ થઈ મુનલાઈટ દાહોદ સ્ટેટ હાઈવે જતો રસ્તો. - આશરે ૨.૦૦ કિ.મી.

(2) જાફરાબાદ આનંદનગરના રહીશોએ પત્થર તલાવડી થઈ કાંસુડી ફાટકની બાજુમાં થઈ રવિ શંકર સ્કુલ થઈ કનેલાવ તળાવ થઈ શામળાજી કોલેજ થઈ મુનલાઈટ દાહોદ સ્ટેટ હાઈવે જતો રસ્તો.- આશરે ૫.૪૦ કિ.મી.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ અને રાત્રી દરમ્યાન અકસ્માતનો કોઈ બનાવ ન બને તે માટે રિફ્લેક્ટર જે-તે સ્થળોએ મૂકવાના રહેશે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સદર કામગીરી તા.૦૮/૦૮/૨૦૨૬ સુધી પુર્ણ કરવાની રહેશે.

આજ તારીખ: ૨૮મી જુલાઈ - ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે.જે.પટેલ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:52:35 IST